ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત
સ્પોર્ટસ લાઈન

ફૂટબોલના મેદાનમાં પણ જંગ

અમને વર્લ્ડકપ રમતા કોઈ રોકી શકશે નહીં', ટ્રમ્પની ચેતવણી સામે ઈરાનનો વળતો પ્રહાર

ટ્રમ્પે ઈરાની ખેલાડીઓની સુરક્ષા પર સવાલ ઉઠાવ્યા; ઈરાને કહ્યું- 'જો યજમાન દેશ સુરક્ષા ન આપી શકતો હોય તો તેને જ બહાર કરી દો'

જિનીવા, તા. 13 (એપી): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદન પર આકરો પ્રહાર કરતા ઈરાનની નેશનલ ફૂટબોલ ટીમે સ્પષ્ટ કર્યું છે કે આગામી પુરુષ વર્લ્ડકપમાં રમતા તેમને 'કોઈ રોકી શકશે નહીં.'

ટ્રમ્પે અગાઉ ઈરાની ખેલાડીઓની સુરક્ષાની ખાતરી આપી શકાય તેમ નથી તેવું સૂચન કર્યું હતું, જેના જવાબમાં ઈરાન ટીમે ઈન્સ્ટાગ્રામ પર વળતો જવાબ આપતા કહ્યું કે જો યજમાન દેશ સુરક્ષા ન આપી શકતો હોય તો તેને જ બહાર કરી દેવો જોઈએ.

વર્લ્ડકપનું આયોજન અમેરિકા, મેક્સિકો અને કેનેડા દ્વારા સંયુક્ત રીતે થઈ રહ્યું છે. અમેરિકા-ઈઝરાયેલ સાથે ઈરાનમાં ચાલી રહેલી યુદ્ધની સ્થિતિને કારણે ઈરાનની ભાગીદારી અંગે અનિશ્ચિતતા હતી, પરંતુ ટીમે સ્પષ્ટ કર્યું છે કે વર્લ્ડકપ એ FIFAની ઈવેન્ટ છે, કોઈ વ્યક્તિ કે દેશની નહીં. FIFA રેન્કિંગમાં 20મા ક્રમે રહેલું ઈરાન સતત ચોથી વાર વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થયું છે.

ઈરાનનો વર્લ્ડકપ શિડ્યુલ (ગ્રુપ સ્ટેજ)

15 જૂન: વિરુદ્ધ ન્યૂઝીલેન્ડ (ઈંગલવુડ, કેલિફોર્નિયા)
21 જૂન: વિરુદ્ધ બેલ્જિયમ (ઈંગલવુડ, કેલિફોર્નિયા)
26 જૂન: વિરુદ્ધ ઈજિપ્ત (સીએટલ)

ટ્રમ્પે સુરક્ષા અંગે વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું

આ પહેલાં ગુરુવારે ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે, 'ચાલુ યુદ્ધ છતાં ઈરાનની ટીમનું વર્લ્ડકપમાં સ્વાગત છે, પરંતુ મને ખરેખર નથી લાગતું કે તેમનું ત્યાં હોવું યોગ્ય છે. હું આ વાત તેમના પોતાના જીવન અને સુરક્ષા માટે કહી રહ્યો છું.' ટ્રમ્પે ગયા અઠવાડિયે એમ પણ કહ્યું હતું કે ઈરાન રમે કે નહીં તેની તેમને પરવા નથી, જોકે બાદમાં તેમણે FIFA પ્રમુખને ખાતરી આપી હતી કે ઈરાનની ટીમનું સ્વાગત છે.

પાકિસ્તાને બાંગ્લાદેશને બીજી વનડેમાં હરાવ્યું

પાકિસ્તાને પ્રથમ બેટિંગ કરતા 274 રન બનાવ્યા

વરસાદના કારણે બાંગ્લાદેશને 32 ઓવરમાં 243 રનનો લક્ષ્યાંક મળ્યો પણ ટીમ 114 રનમાં જ સમેટાઈ ગઈ

ઢાકા, તા. 13: પાકિસ્તાને ઢાકાના શેર-એ-બાંગ્લા સ્ટેડિયમમાં રમાયેલી બીજી વનડેમાં બાંગ્લાદેશને 128 રને હરાવીને ત્રણ મેચની શ્રેણીમાં 1-1થી બરાબરી કરી લીધી છે. પ્રથમ બેટિંગ કરતા પાકિસ્તાની ટીમ 47.3 ઓવરમાં 274 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. 20 વર્ષીય માઝ સદાકતે પોતાની માત્ર બીજી વનડેમાં જ વિસ્ફોટક પ્રદર્શન કરતા 46 બોલમાં 75 રન (6 ચોગ્ગા, 5 છગ્ગા) ફટકારીને ટીમ માટે સૌથી વધુ રન બનાવ્યા હતા.

જવાબમાં બાંગ્લાદેશની ટીમ 23.3 ઓવરમાં માત્ર 114 રનમાં જ સમેટાઈ ગઈ હતી. વરસાદને કારણે બાંગ્લાદેશને 32 ઓવરમાં 243 રનનો સુધારેલો ટાર્ગેટ (DLS મુજબ) આપવામાં આવ્યો હતો. માઝ સદાકતે બેટિંગ બાદ બોલિંગમાં પણ કમાલ કરતા 23 રન આપીને 3 વિકેટ ઝડપી હતી. જ્યારે કેપ્ટન શાહીન આફ્રિદીએ 2 વિકેટ મેળવી હતી. બાંગ્લાદેશ તરફથી લિટ્ટન દાસે સૌથી વધુ 41 રન બનાવ્યા હતા.

આ અગાઉ પાકિસ્તાની ઓપનરો સાહિબઝાદા ફરહાન (31) અને સદાકતે પ્રથમ વિકેટ માટે માત્ર 78 બોલમાં 103 રન જોડીને ટીમને મજબૂત શરૂઆત અપાવી હતી. જોકે, મધ્યક્રમમાં વિકેટો પડતા સ્કોર 274 પર અટકી ગયો હતો. બાંગ્લાદેશ તરફથી રિશાદ હુસૈને 3 અને મેહદી હસન મિરાજે 2 વિકેટ ઝડપી હતી.

ખેલ ભાવના કે દગો: મદદ કરવા ગયેલા આગાને બાંગ્લાદેશે રન-આઉટ કર્યો

આગાએ ગુસ્સામાં મેદાન પર જ હેલ્મેટ અને ગ્લવ્ઝ ફેંકી દીધા

ઢાકા, તા. 13: ઢાકાના મીરપુર સ્ટેડિયમમાં શુક્રવારે પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચેની બીજી વનડેમાં એક વિવાદિત ઘટના બની હતી.

પાકિસ્તાની ઈનિંગની 39મી ઓવરમાં સલમાન અલી આગા અને મોહમ્મદ રિઝવાન વચ્ચે 109 રનની ભાગીદારી ચાલી રહી હતી ત્યારે મેહદી હસન મિરાજના બોલ પર રિઝવાને સુરક્ષાત્મક સ્ટ્રોક રમી બોલને બોલર તરફ પાછો મોકલ્યો જે આગાના પેડથી અથડાઈ રોકાઈ ગયો, ખેલ ભાવના દેખાડતા આગાએ બોલ ઉંચકીને મિરાજને આપવાનો પ્રયાસ કર્યો જોકે, આ સમયે આગા ક્રિઝની બહાર હતો અને મિરાજે તક ઝડપીને બોલ પહેલા ઉંચકી લીધી અને તેને રન-આઉટ કરી દીધો. આ ઘટના બાદ સોશિયલ મીડિયા પર ભારે વિવાદ સર્જાયો હતો અને લોકોએ ખેલ ભાવના મરી પરવારી છે જેવી કમેન્ટ્સ કરી હતી. નિયમ મુજબ બોલ તે સમયે ડેડ થયો ન હતો અને થર્ડ અમ્પાયરે તેને આઉટ જાહેર કર્યો, જેનાથી આગા અત્યંત ગુસ્સે ભરાયો હતો અને તેણે મેદાન પર જ હેલ્મેટ અને ગ્લવ્ઝ ફેંકી દીધા હતા. 231 રને 3 વિકેટની મજબૂત સ્થિતિમાં રહેલું પાકિસ્તાન આ આંચકા બાદ વિખેરાઈ ગયું અને રિઝવાન (44) પણ તરત આઉટ થઈ ગયો. અંતે સમગ્ર પાકિસ્તાની ટીમ 274 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

રમીઝ રાજાએ ખેલ ભાવના પર ઉઠાવ્યા સવાલ

મેચ દરમિયાન કોમેન્ટ્રી કરી રહેલા પાકિસ્તાનના પૂર્વ કેપ્ટન રમીઝ રાજાએ મિરાજની ખેલ ભાવના પર સવાલ ઉઠાવતા કહ્યું હતું કે, 'જ્યાં સુધી નિયમનો સવાલ છે ત્યાં સુધી તે આઉટ છે, પરંતુ મને ડર છે કે ખેલ ભાવનાને અહીં મોટો ફટકો પડ્યો છે.'

ચાઈનીઝ ગ્રાન્ડ પ્રિ ક્વોલિફાઈંગમાં જ્યોર્જ રસેલે પોલ પોઝિશન હાંસલ કરી

શંઘાઈ, તા. 13 (એપી): ચાઈનીઝ ગ્રાન્ડ પ્રિમાં ફોર્મ્યુલા-1 ના નવા યુગમાં મર્સિડીઝનું વર્ચસ્વ યથાવત રહ્યું છે. શુક્રવારે યોજાયેલી સ્પ્રિન્ટ ક્વોલિફાઈંગમાં જ્યોર્જ રસેલે શાનદાર પ્રદર્શન કરતા પોલ પોઝિશન

હાંસલ કરી હતી. ગયા અઠવાડિયે ઓસ્ટ્રેલિયામાં મળેલી જીત બાદ રસેલ અત્યારે ફુલ ફોર્મમાં છે અને તેણે પોતાની કારને 'ચલાવવાનો આનંદ' ગણાવી હતી. રસેલનો સાથી ખેલાડી કિમી એન્ટોનેલી બીજા સ્થાને રહ્યો હતો, જ્યારે મેકલેરનનો લેન્ડો નોરિસ ત્રીજા ક્રમે રહ્યો હતો. બીજી તરફ, ફેરારીએ તેની નવી અને અનોખી રિયર વિંગ 'મેકારેના'નું પરીક્ષણ કર્યું હતું, જે સીધા રસ્તાઓ પર વધુ ઝડપ મેળવવા માટે ઊંધી થઈ શકે છે. જોકે, ક્વોલિફાઈંગમાં તેનો ખાસ ફાયદો જોવા મળ્યો ન હતો. લુઈસ હેમિલ્ટન ચોથા ક્રમે રહ્યો હતો અને તે મર્સિડીઝ માટે પડકાર બની શકે છે.

KKRમાં મુસ્તફિઝુરની જગ્યાએ ઝીમ્બાબ્વેના બ્લેસિંગ મુઝારાબાનીની એન્ટ્રી

કોલકાતા, તા. 13 (પીટીઆઈ): ત્રણ વખતની ચેમ્પિયન કોલકાતા નાઈટ રાઈડર્સ એ આગામી IPL 2026 સીઝન માટે ઝિમ્બાબ્વેના ઊંચા કદના ફાસ્ટ બોલર બ્લેસિંગ મુઝારાબાની સાથે કરાર કરવાની જાહેરાત કરી છે. આ આક્રમક બોલરે IPLમાં રમવા માટે પાકિસ્તાન સુપર લીગ (PSL) માંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. મુઝરાબાનીને બાંગ્લાદેશના મુસ્તફિઝુર રહેમાનની જગ્યાએ લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે મુસ્તફિઝુરને ટીમમાં લેવા બદલ કેકેઆરની આકરી ટીકા થઈ હતી જેના પગલે તેને હટાવી દેવામાં આવ્યો હતો. મુઝારાબાની તાજેતરમાં રમાયેલા T20 વર્લ્ડકપમાં આકર્ષણનું કેન્દ્ર રહ્યો હતો, જ્યાં તેણે 13 વિકેટ ઝડપીને ઝિમ્બાબ્વેને 'સુપર 8' સ્ટેજ સુધી પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. 6 ફૂટ 8 ઈંચની ઊંચાઈ ધરાવતો આ બોલર તેની સચોટ લાઈન-લેન્થ અને બાઉન્સ દ્વારા બેટ્સમેનોને મુશ્કેલીમાં મૂકવા માટે જાણીતો છે.

સાત્વિક ઈજાગ્રસ્ત થતા ભારતીય જોડીએ સ્વિસ ઓપનમાંથી નામ પાછું ખેંચ્યુ

ક્વાર્ટર ફાઈનલમાં સાત્વિક અને ચિરાગનો મુકાબલો ડેનમાર્કની જોડી સામે હતો

બાસેલ, તા. 13 (પીટીઆઈ) સ્વિસ ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટમાંથી ભારતના સ્ટાર ખેલાડીઓ માટે માઠા સમાચાર આવ્યા છે. ભારતની ટોચની ક્રમાંકિત પુરૂષ ડબલ્સ જોડી સાત્વિક સાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીએ શુક્રવારે ક્વાર્ટર ફાઈનલ મેચ પહેલા ટુર્નામેન્ટમાંથી નામ પાછું ખેંચી લીધું છે. સાત્વિકને ખભાની જૂની ઈજામાં દુખાવો ઉપડતા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ જોડીનો સામનો ડેનમાર્કના ક્રિશ્ચિયન ફૌસ્ટ કજેર અને રાસ્મસ કજેર સામે થવાનો હતો. મલેશિયન કોચ ટેન કિમ હેરના જણાવ્યા અનુસાર, આ ઈજા વધુ પડતી રમતના કારણે થઈ છે અને તેને સાજા થવામાં ઓછામાં ઓછું એક અઠવાડિયું લાગશે. ઉલ્લેખનીય છે કે, 25 વર્ષીય સાત્વિક વિશ્વ બેડમિન્ટનમાં સૌથી ઝડપી સ્મેશ (565 કિ.મી. પ્રતિ કલાક) મારવાનો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ ધરાવે છે. ગુરુવારે પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં જાપાનની જોડી સામે 74 મિનિટ સુધી ચાલેલી અત્યંત રસાકસી ભરી મેચમાં વિજય મેળવ્યા બાદ સાત્વિકની ઈજા વકરી હોવાનું મનાય છે. એશિયન ગેમ્સ ચેમ્પિયન સાત્વિક-ચિરાગ હવે 7થી 12 એપ્રિલ દરમિયાન યોજાનારી બેડમિન્ટન એશિયા ચેમ્પિયનશિપમાં ભાગ લેશે. આ દરમિયાન, ભારતના તરુણ મન્નેપલ્લીનો સામનો ઈન્ડોનેશિયાના એન્થોની ગિન્ટિંગ સામે થશે.

અમેરિકા જેવી મહાસત્તા પણ ઈરાનમાં સત્તાપલટો કરાવવામાં કેમ નિષ્ફળ પુરવાર થઈ?

ઈરાન સામેનું યુદ્ધ શરૂ કરતી વખતે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ધાર્યું હતું કે તેઓ વેનેઝુએલાની જેમ ઈરાનમાં પણ સત્તાપલટો કરાવી શકશે, જેને કારણે ચપટી વગાડતાં યુદ્ધનો અંત આવી જશે. યુદ્ધના પહેલા જ દિવસે અમેરિકા ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લાહ ખામેનીની હત્યા કરવામાં સફળ થયું હતું. અમેરિકાની ધારણા હતી કે ખામેનીની હત્યાને પગલે ઈરાનનું વહીવટીતંત્ર ભાંગી પડશે, પ્રજા બળવો કરશે અને તેની કઠપૂતળી જેવી સરકારની તહેરાનમાં સ્થાપના કરી શકાશે, પણ અમેરિકાની ગણતરી ઊંધી વળી ગઈ છે. આયાતોલ્લાહ ખામેનીના મરણ પછી તેમના કરતાં પણ વધુ કટ્ટરતા ધરાવતા તેમના પુત્ર મોજતબા ખામેની સત્તા પર આવ્યા છે અને તેમણે બમણા ઝનૂન સાથે લડાઈ ચાલુ રાખી છે. આ યુદ્ધ દ્વારા ઈરાનમાં સત્તાપરિવર્તન કરાવવાનો અમેરિકાનો ઇરાદો સફળ થયો નથી. તેના બદલે ઈરાન દ્વારા કરવામાં આવેલા વળતા હુમલામાં મધ્ય-પૂર્વમાં આવેલાં અમેરિકાનાં લશ્કરી થાણાંઓને ભરપાઈ ન કરી શકાય તેવું નુકસાન થયું છે. અમેરિકા પાસે શસ્ત્રોનો જથ્થો ખૂટી જવાની તૈયારીમાં છે. ડોનાલ્ડ ટ્રમ્પ યુદ્ધ ખતમ કરવા માગે છે, પણ ઈરાન તેના માટે તૈયાર નથી. ઈરાનના સત્તાતંત્રમાં એવી કઈ તાકાત છે કે અમેરિકા જેવી મહાસત્તા પણ ઈરાનમાં સત્તાપરિવર્તન કરાવી શકતી નથી?

ઈરાનમાં ઇસ્લામિક ક્રાંતિને ચાર દાયકાથી વધુ સમય વીતી ગયો છે. આ સમય દરમિયાન ઈરાનની પાવર સિસ્ટમ એવી રીતે ડિઝાઇન કરવામાં આવી છે કે તે ટકાઉ રહે છે અને તેને સરળતાથી તોડી શકાય તેમ નથી. ઈરાનની રાજાશાહીને દૂર કર્યા પછી ઇસ્લામિક રિપબ્લિકે ધીમે ધીમે એક એવું રાજકીય માળખું બનાવ્યું છે, જે મોટામાં મોટા આંચકાઓનો પણ સામનો કરી શકે છે. તેમાં કડક રીતે નિયંત્રિત સંસ્થાઓ, વૈચારિક તાલીમ, સ્માર્ટ સંકલન અને વિરોધી દળોનું વિભાજન સામેલ છે. ઈરાનનું સત્તાતંત્ર હાઇડ્રા જેવું છે. તમે એક માથું કાપી નાખો છો તો નવું માથું ઊગે છે. ઈરાનમાં એક વ્યક્તિ પર કેન્દ્રિત સરમુખત્યારશાહીને બદલે બહુસરમુખત્યારશાહી છે.

નિષ્ણાતો કહે છે કે ટ્યુનિશિયા, ઇજિપ્ત અને સીરિયા જેવા પ્રદેશના નેતાઓને સત્તા પરથી દૂર કરવામાં આવ્યા હતા, પણ ઈરાન બાહ્ય આંચકાઓ સામે વધુ સ્થિતિસ્થાપક રહ્યું છે. આનું કારણ તેનું વિચારો આધારિત સુરક્ષા માળખું છે. ઈરાનની સત્તા ધાર્મિક સંસ્થાઓ, સશસ્ત્ર દળો અને અર્થતંત્રના મોટા ભાગો સહિત અનેક કેન્દ્રોમાં વિભાજિત છે. આનાથી એક વ્યક્તિની સરમુખત્યારશાહીની સરખામણીમાં રાજકીય સિસ્ટમને ઉથલાવી નાખવી વધુ મુશ્કેલ બને છે. ઈરાનમાં સત્તા ધરાવતી મુખ્ય સંસ્થાઓમાં ગાર્ડિયન કાઉન્સિલનો સમાવેશ થાય છે, જે કાયદાઓને વીટો કરી શકે છે અને ચૂંટણી માટે ઉમેદવારોની ચકાસણી કરી શકે છે. આનાથી કોઈ પણ એક જૂથ માટે રાજ્ય સામે ગંભીર પડકાર ઊભો કરવાનું વધુ મુશ્કેલ બને છે. ઈરાનને વ્યાપકપણે એક સરમુખત્યારશાહી માનવામાં આવે છે, પરંતુ નાગરિકોને રાષ્ટ્રપતિની ચૂંટણી સહિત કેટલીક ચૂંટણીઓમાં મતદાન કરવાની પ્રતીકાત્મક તક મળે છે. આ પ્રક્રિયા કડક રીતે નિયંત્રિત રહે છે. ઉમેદવારોની ચકાસણી ગાર્ડિયન કાઉન્સિલ દ્વારા કરવામાં આવે છે અને લાયકાતના માપદંડોમાં ઇસ્લામિક રિપબ્લિક પ્રત્યેની પ્રતિબદ્ધતાનો સમાવેશ થાય છે.

ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) નિયમિત સેનાની સાથે કામ કરે છે અને ઘણી વાર તેને સિસ્ટમની કરોડરજ્જુ માનવામાં આવે છે. જો રાજકીય સંસ્થાઓ સિસ્ટમનું માળખું બનાવે છે, તો સુરક્ષા દળોને તેની તાકાત માનવામાં આવે છે. ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ તેની લશ્કરી ભૂમિકા ઉપરાંત એક રાજકીય અને આર્થિક શક્તિ પણ બની ગઈ છે. તેનાં વ્યાપક વ્યાપારિક હિતો છે અને તે બાસીજ લશ્કર નામના એક સ્વયંસેવક અર્ધલશ્કરી દળ દ્વારા પોતાનો પ્રભાવ પાડે છે. નોંધપાત્ર રીતે, વારંવાર અશાંતિ છતાં સુરક્ષા દળો એક થયાં છે. આનું કારણ વૈચારિક વફાદારી છે. શહાદતની આ સંસ્કૃતિ, જે શિયા સમુદાય અને હમાસ અને હિઝબુલ્લાહ જેવાં સંગઠનોમાં દેખાય છે, તેને લગભગ કામનો એક ભાગ માનવામાં આવે છે.

ઈરાનના નાયબ સંરક્ષણ પ્રધાન રેઝા તલૈનિકે તાજેતરના એક ટી.વી. ઇન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે દરેક IRGC કમાન્ડર પાસે ત્રણ સ્તરે એક-એક અનુગામી હોય છે, જેથી જો એક કમાન્ડર માર્યો જાય તો તેનું સ્થાન લેવા ત્રણ ઉત્તરાધિકારી તૈયાર હોય છે. તેવી જ રીતે રાજકીય નેતાગીરીનું છે. જો એક ટોચનો નેતા માર્યો જાય તો તેનું સ્થાન લેવા માટે ત્રણ વારસદારો તૈયાર કરવામાં આવે છે. તેથી ખાતરી કરી શકાય છે કે રાજકીય સિસ્ટમ કાર્યરત રહેશે. જો ઈરાનની રાજકીય સિસ્ટમ ટકી રહેશે તો ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ્સની ભૂમિકા વધુ મહત્ત્વપૂર્ણ બની જશે. ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ રાજકીય સિસ્ટમને એક તાંતણે બાંધી રાખવાનું કામ કરે છે.

ઈરાનના અર્થતંત્રનો મોટો હિસ્સો રાજ્ય સાથે જોડાયેલાં સંગઠનો દ્વારા નિયંત્રિત છે, જેમાં બોન્યાદનો પણ સમાવેશ થાય છે. આ સંગઠન ચેરિટી ટ્રસ્ટ છે, જે સમય જતાં અર્થતંત્રનાં વિવિધ ક્ષેત્રોમાં હજારો કંપનીઓનું માલિક બન્યું છે. આ નેટવર્ક શાસન પ્રત્યે વફાદાર જૂથોને નોકરીઓ અને કરારોનું વિતરણ કરે છે. IRGCનું વ્યાપાર સામ્રાજ્ય, જેમાં ખાતમ અલ-અંબિયા સમૂહનો સમાવેશ થાય છે, તે વેપારની આ આશ્રયદાતા પ્રણાલીને વધુ મજબૂત બનાવે છે. નિષ્ણાતો કહે છે કે પશ્ચિમી પ્રતિબંધોએ ઈરાનની વ્યાપક અર્થવ્યવસ્થાને નોંધપાત્ર રીતે નુકસાન પહોંચાડ્યું છે, પરંતુ બોન્યાદ નેટવર્ક મુખ્ય ઉચ્ચ વર્ગનું રક્ષણ કરે છે અને શાસનના અસ્તિત્વમાં તેમનાં હિતોનું રક્ષણ કરે છે. આ સિસ્ટમ એટલી મજબૂત છે કે તેમાં લગભગ કોઈ પક્ષપલટો જોવા મળતો નથી. ઈરાનનાં સંરક્ષણનું તંત્ર ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) ના હાથમાં છે, રાજકીય તંત્ર રાષ્ટ્રપતિના હાથમાં છે, તેમ આર્થિક તંત્ર બોન્યાદ નામના ચેરિટી ટ્રસ્ટના હાથમાં છે. આ ત્રણેય તંત્રોને વિકેન્દ્રિત રાખવામાં આવ્યાં છે. ઈરાનના ૩૯ પ્રાંતોમાં તેનું વિભાજન કરવામાં આવ્યું છે. દરેક પ્રાંતનું તંત્ર સ્વાયત્ત છે. આ કારણે તેના પર હુમલો કરવાનું કામ કઠણ પુરવાર થાય છે.

ઈરાનની સત્તાનું ચોથું પણ સૌથી મહત્ત્વનું કેન્દ્રબિંદુ ધાર્મિક વિચારધારા અને ધર્મગુરુઓ છે. ઈરાનના શાસનનો પાયો જ ધર્મ છે. ધર્મ પણ સત્તા જાળવી રાખવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ઈરાનમાં ઇસ્લામિક ક્રાંતિ પછી ધાર્મિક, રાજકીય અને શૈક્ષણિક સંસ્થાઓનું એક મજબૂત નેટવર્ક રચાયું છે, જે હજુ પણ સરકારની વિચારસરણીને પ્રભાવિત કરે છે. તે ખૂબ જ જૂનું અને ખૂબ જ શક્તિશાળી વૈચારિક, અમલદારશાહી અને વહીવટી માળખું છે, જે સિસ્ટમને મજબૂત બનાવે છે. આ ધાર્મિક વિચારધારા ઈરાનની એકતાનો વાસ્તવિક પાયો બને છે.

ઐતિહાસિક રીતે ઈરાનનો વિરોધ પક્ષ વિભાજિત રહ્યો છે. તેમાં સુધારાવાદી, રાજાશાહી તરફી, ડાબેરી જૂથો, રાષ્ટ્રીય પ્રતિકાર પરિષદ જેવી વિદેશી ચળવળો અને અનેક આદિવાસી સંગઠનોનો સમાવેશ થાય છે. ઇસ્લામિક ક્રાંતિ પછી રાજકીય પક્ષો બનાવવાની ચર્ચા બાજુ પર રાખવામાં આવી હતી. ઈરાનમાં મધ્યવાદી જૂથોને કટ્ટરપંથી જૂથો દ્વારા હાંસિયામાં ધકેલી દેવામાં આવ્યાં છે, બદનામ કરવામાં આવ્યાં છે અથવા કેદ કરવામાં આવ્યાં છે. તાજેતરનાં વર્ષોમાં ઈરાનની રાજકીય સિસ્ટમ સામે ઘણાં મોટાં વિરોધ પ્રદર્શનો થયાં છે, જેમ કે ૨૦૦૯ની ગ્રીન મૂવમેન્ટ અને ૨૦૨૨માં મહસા અમીનીના મૃત્યુ પછી શરૂ થયેલા વિરોધ પ્રદર્શનો. આ વિરોધ પ્રદર્શનોમાં કેન્દ્રીય નેતૃત્વનો અભાવ હતો અને તેમને રાજ્યના ગંભીર દમનનો સામનો કરવો પડ્યો હતો. વર્તમાન શાસન તમામ વિરોધને કડક હાથે ડામી દેવામાં સફળ થયું જણાય છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ઈરાનનું સત્તાતંત્ર હાઇડ્રા જેવું છે. તમે એક માથું કાપી નાખો છો તો નવું માથું ઊગે છે. ઈરાનમાં એક વ્યક્તિ પર કેન્દ્રિત સરમુખત્યારશાહીને બદલે બહુસરમુખત્યારશાહી છે

સબાલેન્કા અને સિનર બીએનપી પરીબસ સેમીફાઈનલમાં

એલેક્ઝાન્ડર ઝવેરેવ અને દાનિલ મેદવેદેવ પણ સેમીફાઈનલમાં

મહિલાઓમાં એલિના સ્વિતોલિના અને એલેના રિબાકિના સેમીફાઈનલમાં

ઈન્ડિયન વેલ્સ, તા. 13 (એપી): એરિના સબાલેન્કાએ બીએનપી પરીબસ ઓપન ક્વાર્ટર ફાઈનલમાં વિક્ટોરિયા એમ્બોકોને 7-6, 6-4 થી હરાવીને ઈન્ડિયન વેલ્સ ટેનિસ ખિતાબ તરફ વધુ એક ડગલું આગળ વધાર્યું છે. પુરુષ વર્ગમાં યાનિક સિનર, એલેક્ઝાન્ડર ઝ્વેરેવ અને દાનિલ મેદવેદેવ પણ સેમીફાઈનલમાં પહોંચી ગયા છે. મેદવેદેવે અમ્પાયરના એક વિવાદાસ્પદ કોલનો ફાયદો ઉઠાવીને ગત ચેમ્પિયન જેક ડ્રેપરને 6-1, 7-5 થી હરાવ્યો હતો. હવે મેદવેદેવનો સામનો કાર્લોસ અલ્કારાઝ અથવા કેમેરોન નોરી સામે થશે, જ્યારે બીજી સેમીફાઈનલમાં સિનરની ટક્કર ઝ્વેરેવ સામે થશે.

સેમીફાઈનલમાં સબાલેન્કાનો મુકાબલો ચેક રિપબ્લિકની 14મી ક્રમાંકિત લિન્ડા નોસ્કોવા સામે થશે, જેણે ઓસ્ટ્રેલિયાની બિનક્રમાંકિત તાલિયા ગિબ્બ્સને 6-2, 4-6, 6-2થી પરાજય આપ્યો હતો. બીજી તરફ, યુક્રેનની 9મી ક્રમાંકિત એલિના સ્વિતોલિના પણ પોલેન્ડની બીજી ક્રમાંકિત ઈગા સ્વિટેકને 6-2, 4-6, 6-4થી હરાવીને સેમીફાઈનલમાં પહોંચી ગઈ છે. હવે તેનો સામનો એલેના રિબાકિના સામે થશે, જેણે અમેરિકાની જેસિકા પેગુલાને 6-1, 7-6 થી માત આપી હતી.